Extra No. 5
©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

## [PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII ] THURSDAY, JANUARY 1, 2026 / PAUSA 11, 1947

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

# PART -I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

**કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા**

**વાંચ્યો:** જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સાબરકાંઠાના પત્રક્રમાંક:બ-૩/પરીક્ષા/૨૦૨૫/૮૦૪૬૮, તા.૧૪/૧૧/૨૦૨૫

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું**

નં.:ડીસી/પીઓએલ-૨/પરીક્ષા/જાહેરનામું/વશી/૧૬૯૪/૨૦૨૫-આમુખના પત્રની વિગતે ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા રાજ્ય વેરા નિરીક્ષક, વર્ગ-૩(જા.ક્ર.૨૭/૨૦૨૫-૨૬), તા.૦૪/૦૧/૨૦૨૬ (રવિવાર)ના રોજ ૧૧:૦૦ કલાક થી ૦૧:૦૦ કલાક દરમ્યાન પ્રાથમિક કસોટી યોજાનાર છે. જેના અનુસંધાને તા.૦૪/૦૧/૨૦૨૬ના દિવસ દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે મુજબ જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે. જેથી સાબરકાંઠા જિલ્લામાં જુદા- જુદા પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષા યોજાનાર હોઈ જિલ્લાની ભૌગોલીક પરિસ્થિતિને ધ્યાને લેતાં અત્રેના જિલ્લાના કાર્યક્ષેત્રમાં આવતી વિવિધ શાળાઓ/કોલેજો ખાતે લેવાનાર પરીક્ષા સ્વચ્છ અને શાંત વાતાવરણમાં લેવાય, તેમજ વિશ્વસનીયતાનું વાતાવરણ સર્જાય, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે, પરીક્ષા સંચાલકો સરળતાથી ફરજ બજાવી શકે અને પરીક્ષાર્થીઓ નિર્ભય રીતે પરીક્ષા આપી શકે તથા કોઈ ખલેલ ન પડે તે હેતુસર તેમજ વિજ પુરવઠો અવિરત ચાલુ રહે તે માટે જે તે પરીક્ષા કેન્દ્રના સ્થળોએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનું જાહેરનામું તા.૦૪/૦૧/૨૦૨૬ના રોજ બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું લલિત નારાયણ સિંઘ સાંદુ, (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે -

**પ્રતિબંધિત વિસ્તાર અને સમય**

સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર તાલુકાના જુદા- જુદા પરીક્ષા કેન્દ્રો ઉપર ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા તા.૦૪/૦૧/૨૦૨૫ (રવિવાર)ના રોજ ૧૧:૦૦ કલાક ૦૧:૦૦ કલાક દરમ્યાન રાજ્ય વેરા નિરીક્ષક, વર્ગ-૩(જા.ક્ર.૨૭/૨૦૨૫૨૬)ની પ્રાથમિક કસોટી હોઈ તા.૦૪/૦૧/૨૦૨૬ના રોજ સવારે ૦૯:૦૦ કલાક થી બપોરના ૦૨:૦૦ કલાક સુધી નીચેની સુચનાઓની ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે.

**પ્રતિબંધિત કૃત્યો**

(૧) સાબરકાંઠા જિલ્લાના તમામ પરીક્ષા કેન્દ્રોની અંદર તથા તેની ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઈપણ વ્યકિત પરીક્ષા સમય દરમ્યાન મોબાઈલ, સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન, કેલકયુલેટર, સ્માર્ટવોચ કે સ્માર્ટપેન કે તે પ્રકારના અન્ય કોઈ ઈલેકટ્રોનીકસ ગેઝેટસ અને અનઅધિકૃત લેખન સામગ્રી સાથે લઈ જઈ શકશે નહીં અથવા તેનો ઉપયોગ કરી શકશે નહીં.

(૨) પરીક્ષા સમય દરમ્યાન પરીક્ષાના કેન્દ્રોના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસોએ ભેગું થવું નહી કે સૂત્રો પોકારવા નહી કે સરઘસ અથવા રેલી કાઢવી નહીં, પથ્થર કે બીજા અન્ય પદાર્થ લઈ જવા નહીં.

(૩) પરીક્ષા કેન્દ્રોથી ૧૦૦ મીટર સુધીની ત્રિજયામાં પરીક્ષા સમયગાળા સુધી ઝેરોક્ષ કે અન્ય કોપીયર મશીન ચાલુ રાખી શકાશે નહીં.

(૪) પરીક્ષા કેન્દ્રની આજુબાજુના વિસ્તારમાં પરીક્ષા સમય દરમ્યાન કેન્દ્રમાં સંભળાય તે રીતે માઈક/ મ્યુઝીક વગાડી શકાશે નહીં.

(૫) પોલીસ અધિકારી/કર્મચારીના સગા અથવા સંતાનો તેઓને સોંપાયેલ પેટાકેન્દ્ર ખાતે પરીક્ષામાં ઉપસ્થિત થયેલ હોય તો તે સ્થળે તેઓ બંદોબસ્તની ફરજ બજાવી શકશે નહીં.

(૬) પોલીસ કર્મચારીઓ કોઈ અઘટિત ઘટના બને તે સિવાય પરીક્ષા કેન્દ્રના મકાનની અંદર જઈ શકશે નહીં.

(૭) પરીક્ષા કેન્દ્રોના કેમ્પસની અંદર પરીક્ષાની કામગીરી માટે નિમાયેલ અધિકૃત સ્ટાફ તથા પરીક્ષાર્થીઓ સિવાય અન્ય અનઅધિકૃત વ્યક્તિઓ માટે પ્રવેશ પ્રતિબંધ રહેશે.

(૮) પરીક્ષાના દિવસે વિજ પુરવઠો ખોરવાય નહી તે માટે પરીક્ષાના દિવસે ખોદકામ(Digging) કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

**અપવાદ :**

આ હુકમમાં ઉપર દર્શાવેલ મુદ્દા-(૧)માં દર્શાવેલ પ્રતિબંધિત કૃત્ય પરીક્ષા કાર્યવાહીમાં રોકાયેલ અધિકારીઓ/ કર્મચારીઓ તથા પોલીસ ખાતાના અધિકારી/કર્મચારીઓને લાગુ પડશે નહીં; પરંતુ તેઓ પરીક્ષા કેન્દ્રોની અંદર મોબાઈલ, સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન, કેલક્યુલેટર, સ્માર્ટ વોચ કે સ્માર્ટ પેન કે તે પ્રકારના અન્ય કોઈ ઈલેક્ટ્રોનીકસ ગેઝેટસ, અનઅધિકૃત લેખન સામગ્રી સાથે લઈ જઈ શકશે નહીં અથવા ઉપયોગ કરી શકશે નહીં.

## જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ

સદરહું આદેશનો ભંગ કરી જો કોઈ વ્યકિત પાસેથી મોબાઈલ, સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન, કેલકયુલેટર, સ્માર્ટ વોચ કે સ્માર્ટ પેન કે તે પ્રકારના અન્ય કોઈ ઈલેક્ટ્રોનીકસ ગેઝેટસ, અનઅધિકૃત લેખન સામગ્રી જેવા સાધનો મળી આવશે તો સ્થળ ઉપરના સુરક્ષા અધિકારી આ સાધનો જપ્ત કરી શકશે.

આ આદેશનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૧) તથા ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

## Online Job Application System - GPSC

### પેટા કેન્દ્રો (શાળા/કોલેજ)ની યાદી અને ફાળવેલ કુલ બ્લોક અને કુલ ઉમેદવારની વિગત દર્શાવતું પત્રક

### રાજ્ય વેરા નિરીક્ષક, વર્ગ - 3 (જા.ક્ર. ૨૭/૨૦૨૫-૨૬), તા.૦૪/૦૧/૨૦૨૬

### District - SK (Himmatnagar)

| નં. | પેટા કેન્દ્ર (શાળા/કોલેજ)નું નામ | રૂટ નંબર | સરનામું | કેન્દ્ર સંચાલકનું નામ/ફોન નંબર | ઉપલબ્ધ કરવામાં આવનાર વર્ગખંડોની સંખ્યા | ઉમેદવારોની વર્ગખંડ દીઠ બેઠક ક્ષમતા (૨૪ ઉમેદવારો દીઠ ૦૧ વર્ગખંડ) | ઉમેદવારોની કુલ બેઠક ક્ષમતા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 1 | JAINACHARYA ANANDADNSURI VIDHYALAYA - UNIT- A | 1 | GAYTRI MANDIR ROAD, NR MAHAKALI MANDIR, MAHAVIRNAGAR, HIMMATNAGAR, DIST - SABARKATHA | DINESHKUMAR J PRAJAPATI 8487037300 | 10 | 24 | 240 |
| 2 | JAINACHARYA ANANDADNSURI VIDHYALAYA - UNIT- B | 1 | GAYTRI MANDIR ROAD, NR MAHAKALI MANDIR, MAHAVIRNAGAR, HIMMATNAGAR, DIST - SABARKATHA | DURGESHBHAI M PATEL 9426523561 | 10 | 24 | 240 |
| 3 | NEW ENGLISH HIGHER SECONDARY HIGH SCHOOL - UNIT- A | 1 | GAYATRI TEMPLE ROAD, NR. DAULAT VILAS PALACE, MAHAVIRNAGAR, HIMMATNAGAR | M N PRAJAPATI 9662803051 | 10 | 24 | 240 |
| 4 | NEW ENGLISH HIGHER SECONDARY HIGH SCHOOL - UNIT- B | 1 | GAYATRI TEMPLE ROAD, NR. DAULAT VILAS PALACE, MAHAVIRNAGAR, HIMMATNAGAR | NISCHALBHAI MODI 9429179530 | 10 | 24 | 240 |
| 5 | N AND K PANDYA HIMMAT HIGH SCHOOL | 1 | SHANTINAGAR, MAHAVIRNAGAR, HIMMATNAGAR | SAMIRBHAI D RAVAL 9428556304 | 10 | 24 | 240 |
| 6 | ADARSH HIGHER SECONDARY SCHOOL | 2 | AT.-PANPUR, PO.-SAVGADH, TA.-HIMMATNAGAR, SABARKANTHA | M M RAJPURA 9429544789 | 10 | 24 | 240 |
| 7 | S J PADHIYAR HIGH SCHOOL | 2 | AT.PANPUR, PO.-SAVGADH, TA-HIMMATNAGAR, SABARKANTHA. | K K MANSURI 9427402403 | 10 | 24 | 240 |
| 8 | RUMI ENGLISH MEDIUM SCHOOL | 2 | AT SAVGADH, PO. PANPUR,TA HIMMATNAGAR, SABARKANTHA | C B PARMAR 8460081930 | 10 | 24 | 240 |

| નં. | પેટા કેન્દ્ર (શાળા/કોલેજ)નું નામ | રૂટ નંબર | સરનામું | કેન્દ્ર સંચાલકનું નામ/ફોન નંબર | ઉપલબ્ધ કરવામાં આવનાર વર્ગખંડોની સંખ્યા | ઉમેદવારોની વર્ગખંડ દીઠ બેઠક ક્ષમતા (૨૪ ઉમેદવારો દીઠ ૦૧ વર્ગખંડ) | ઉમેદવારોની કુલ બેઠક ક્ષમતા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 9 | ST. XAVIER'S SECONDARY SCHOOL - UNIT - A | 2 | PANPUR(SAVGADH),HIMMATNAGAR- VIJAPUR ROAD, TA.-HIMMATNAGAR, DIS.-SABARKANTHA | FR. ROYDAN PATIL 9712804677 | 10 | 24 | 240 |
| 10 | ST. XAVIER'S SECONDARY SCHOOL - UNIT - B | 2 | PANPUR(SAVGADH),HIMMATNAGAR- VIJAPUR ROAD, TA.-HIMMATNAGAR, DIS.-SABARKANTHA | MRS. SHEEJA SEBASTIAN 9687385441 | 10 | 24 | 240 |
| 11 | SHRI HIMMAT HIGHSCHOOL - UNIT - A | 3 | HIMMATNAGAR TOWER CIRCLE, NEAR STATION ROAD, HIMMATNAGAR DIST.-SABARKANTHA | SURESHBHAI S PATEL 9426249527 | 10 | 24 | 240 |
| 12 | SHRI HIMMAT HIGHSCHOOL - UNIT - B | 3 | HIMMATNAGAR TOWER CIRCLE, NEAR STATION ROAD, HIMMATNAGAR DIST.-SABARKANTHA | PARAMANANDBHAI 9429085114 | 10 | 24 | 240 |
| 13 | SHRI SWASTIK HIGH SCHOOL | 3 | JALARAM VIDHYA SANKUL, DEMAI ROAD NR JALARAM MANDIR HARIOM NAGAR HIMMATNAGAR | GAJENDRAKUMAR R PATEL 9428184281 | 10 | 24 | 240 |
| 14 | FAITH ENGLISH HIGH SCHOOL | 3 | SURVEY NO. 61, PLOT NO. 8 TO 16, BARAVANTPURA, BERNA ROAD, OPP SAKAR BUNGLOWS, HIMMATNAGAR, DIST SABARKATHA | KAUSHAL UPADHYAY 7874657948 | 10 | 24 | 240 |
| 15 | GLORIOUS PUBLIC SCHOOL | 3 | AT KAKROL, TA-HIMMATNAGAR | CHIRAGBHAI M PATEL 9428312566 | 10 | 24 | 240 |
| 16 | SHRI TRIVENI VIDHYALAYA | 4 | NEAR MAHETAPURA BUS STAND, TAL HIMMATNAGAR, DIST SABARKATHA | VINAYKUMAR R BHATT 9427860181 | 10 | 24 | 240 |
| 17 | MADRESA HIGH SCHOOL | 4 | HAJIPURA HUSAINI CHOK, POLO GROUND, HIMATNAGAR, DIST.-SABARKANTHA | MUTVALLI ZAHURBHAI V 9898673020 | 10 | 24 | 240 |

| નં. | પેટા કેન્દ્ર (શાળા/કોલેજ)નું નામ | રૂટ નંબર | સરનામું | કેન્દ્ર સંચાલકનું નામ/ફોન નંબર | ઉપલબ્ધ કરવામાં આવનાર વર્ગખંડોની સંખ્યા | ઉમેદવારોની વર્ગખંડ દીઠ બેઠક ક્ષમતા (૨૪ ઉમેદવારો દીઠ ૦૧ વર્ગખંડ) | ઉમેદવારોની કુલ બેઠક ક્ષમતા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 18 | MY OWN HIGHSCHOOL | 4 | MACHIS FECTORY POLO GROUND NEW BUILDING, HIMMATNAGAR | S G PATEL 9428480727 | 10 | 24 | 240 |
| 19 | G J PATEL HIGHER SECONDARY SCHOOL | 4 | VIDHYANAGARI CAMPUS, MOTIPURA BYPASS ROAD, HIMMATNAGAR | GAURAV DARJI 9408019511 | 10 | 24 | 240 |
| 20 | SHRI MANEKKRUPA VIDHYAMANDIR | 4 | ALKAPURI, POLO GROUND, HIMMATNAGAR, DIS.- SABARKANTHA | GAYATRI SINHA 9426728799 | 8 | 24 | 192 |
| Total (1 To 20 ) :- | | | | | 198 | | 4752 |

આજ તા. ૨૪મી ડિસેમ્બર ૨૦૨૫ના રોજ મારી સહી તથા સિકકો કરી આપેલ છે.

**લલિત નારાયણ સિંઘ સાંદુ**
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

--------------

**કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા**

**જાહેરનામું**

**વાંચ્યો:-**

(૧) પોલીસ અધિક્ષકશ્રી, સા.કાં.ના પત્રનં. એલઆઈબી/જાહેરનામુ/૨૧૯૮/૨૦૨૫, તા.૧૭/૧૨/૨૦૨૫

(૨) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.ગાંધીનગરના જીસ્વાન મેસેજ નં.જી-૧/સુ. વ્ય./ટે.૨/૧૭૧૯/૦૯ તા.૯/૭/૦૯

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું**

નં.ડીસી/પી.ઓ.એલ-૨/ઔદ્યોગિક એકમ/વશી/૧૯૬૪/૨૦૨૫(૪)- સમગ્ર દેશમાં વધી રહેલ આતંકવાદી પ્રવૃત્તિઓ, ગુન્હાખોરીને ડામવાના હેતુથી તથા અપરાધીઓને સરળતાથી ટ્રેસ કરી શકાય તે હેતુથી રાજયમાં આવેલ ઔદ્યોગિક એકમો/ ફેક્ટરી/ હોટલ/ ગોડાઉન/ ઓફીસ/ ફાર્મહાઉસ/ ઘર નોકર તરીકે કામ કરતા કારીગરો/ કામ કરતા મજુરો / કર્મચારીઓ અન્વયે પરપ્રાંતિય ઈસમો તથા અજાણ્યા વ્યકિત અંગેની સ્પષ્ટ અને રજેરજની માહિતી પોલીસતંત્ર તથા તપાસ એજન્સીઓ પાસે ઉપલબ્ધ હોય તે જરૂરી છે. જે અન્વયે નીચે મુજબ હુકમ કરવો આવશ્યક જણાય છે.

સબબ, હું લલિત નારાયણ સિંઘ સાંદુ (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું.

**જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર**

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સાબરકાંઠા જિલ્લાની હકુમતનો સમગ્ર વિસ્તાર

**જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો**

આ હુકમ તા.૦૯/૦૧/૨૦૨૬ થી તા.૨૦/૦૨/૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

**જાહેરનામા મુજબ અમલવારી**

1. ઔદ્યોગિક એકમો/ ફેક્ટરી/ હોટલ/ ગોડાઉન/ ઓફીસ/ ફાર્મહાઉસ/ ઘરમાં કામ કરતા નોકર/કારીગરો/કામ કરતા મજુરો/ કર્મચારીઓ અંગેની સ્પષ્ટ અને રજેરજની માહિતી માલિકો/સંચાલકોએ નીચે મુજબના નમુનામાં તૈયાર કરી સબંધિત વિસ્તારના પોલીસ સ્ટેશનમાં તાત્કાલિક પુરી પાડવાની રહેશે.

2. કોઈપણ નાગરિકે કોઇ સંદિગ્ધ માહિતી જણાયેથી તાત્કાલિક નજીકના પોલીસ સ્ટેશને જાણ કરવાની રહેશે.

3. અમલવારી ન કરનાર એકમો વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

ઔદ્યોગિક એકમો/ ફેકટરી/ હોટલ/ ગોડાઉન/ ઓફીસ/ ફાર્મહાઉસ/ ઘરમાં કામ કરતા નોકર/કારીગરો/કામ કરતા મજુરો/ કર્મચારીઓની વિગત દર્શાવતા પત્રકનો નમુનો

ફોટોગ્રાફ

જિલ્લો/શહેર :-

**પોલીસ સ્ટેશનનું નામ :-**

૧. માલિકનું નામ, સરનામું તથા ફોન, મોબાઈલનં :-

૨. ધંધાની વિગત કારખાના, ફેકટરી, યુનીટનું નામ :-સરનામું તથા ટે.નં./મોબાઈલ નંબર

૩. કર્મચારી, કારીગર મજુરનું નામ, હાલનું સરનામું :-તથા ઓળખચિન્હો, અભ્યાસ

૪. હાલમાં કોણ કોણ સાથે રહે છે.

૫. રહેઠાણ કંપનીએ ફાળવેલ છે કે ભાડે રહે છે?:-

૬. જો ભાડે રહેતા હોય તો પોલીસને જાણ કરેલ છે?:-

૭. કર્મચારી, કારીગર, મજુરનું વતનનું સરનામું તથા :-ટે.નં./મોબાઈલ નંબર, જીલ્લો, ગામ પોલીસ સ્ટેશન :-

૮. કર્મચારી, કારીગર, મજુરની નાગરીકત્વની વિગત:-

૯. કર્મચારી, કારીગર, મજુરને નોકરીએ રાખ્યા તારીખ :-

૧૦. કર્મચારી, કારીગર, મજુર અગાઉ જે જગ્યાએ કામ :- કરતા હોય તે માલિકનું પુરુ નામ, સરનામું તથા ટે.નં./મોબાઈલ નંબર:-

૧૧. કર્મચારી, કારીગર, મજુર કોના રેફરન્સ, પરિચયથી :- નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરુ નામ સરનામું તથા ટે.નં./મોબાઈલ નંબર:-

૧૨. કર્મચારી, કારીગર, મજુરના બે ત્રણ સગા સબંધીઓના :- પુરાનામ સરનામું, વતન, સહિતના તથા ટે.નં./મોબાઈલ નંબર:-

૧૩. નામ-સરનામા બાબતે ખાતરી કરેલ છે. જો ખાતરી :- કરેલ હોય તો કોણે કરેલ છે.:-

**સ્થળ :-**

તારીખ :-

એકમ/વ્યકિતનો સહી-સિકકો

**‘ જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજા/ દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૨૪ મી ડિસેમ્બર-૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

**લલિત નારાયણ સિંઘ સાંદુ**
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા, હિંમતનગર

---------------



Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press &
Stationery, Vadodara
Date : 2026.01.23 19:13:00 IST